પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૩૬ | ૮ નવેમ્બર, ૨૦૧૯, શુક્રવાર; કારતક સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મહારાષ્ટ્રમાં રોમાંચક રાજકીય વળાંક

**ભાજપ અને શિવસેનાના સામ-સામે પડકારો : શિવસેનાના ધારાસભ્યો તૂટવાના ભયથી હોટલમાં નજરબંધ કરાયા : મુખ્યમંત્રી પદ માટેની લડાઈમાં શિવસેનાનું અક્કડ વલણ : મુખ્યમંત્રી પદ સિવાયની કોઈપણ વાત કરવા અમારી તૈયારી નથી : ઉદ્ધવ ઠાકરે**




મુંબઈ,તા.૭

મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીનું પરિણામ આવી ગયાને આજે ૧૫મો દિવસ છે તે છતાં હજી સુધી સરકાર રચાઈ નથી. ભાજપ અને તેના મુખ્ય ભાગીદાર શિવસેના તથા અન્ય પક્ષોની બનેલી મહાયુતિને સ્પષ્ટ બહુમતી મળી ગઈ છે તે છતાં હજી સરકાર રચાઈ નથી, કારણ કે મામલો મુખ્ય પ્રધાન પદના મુદ્દે ભાજપ-શિવસેના વચ્ચે થયેલા ઝઘડાને કારણે અટક્યો છે. મહારાષ્ટ્રની ગઈ વિધાનસભાનો કાર્યકાળ ૯ નવેમ્બરે પૂરો થઈ રહ્યો છે. ત્યાં સુધીમાં નવી સરકારનું ગઠન જરૂરી છે. આ જ કારણથી શનિવાર સુધીનો સમય મહારાષ્ટ્રના રાજકારણમાં મહત્વનો માનવામાં આવે છે.


મહારાષ્ટ્ર ભાજપ એકમના પ્રમુખ ચંદ્રકાંત પાટીલનું કહેવું છે કે તેઓ આજે રાજ્યપાલ કોશિયારીને મળ્યા હતા અને સરકારની રચનામાં થયેલા વિલંબ પાછળના કારણો વિશે એમને માહિતગાર કર્યા હતા. પાટીલે કહ્યું કે મહાયુતિને સ્પષ્ટ જનાદેશ મળ્યો છે એટલે સરકાર તો એણે જ રચવી જોઈએ. ટૂંક સમયમાં જ એ વિશેની જાણકારી આપવામાં આવશે. ભાજપ કે શિવસેનામાંથી એકેય પાર્ટીએ હજી સુધી સરકાર રચવાનો દાવો કર્યો નથી.

બીજી તરફ ઠાકરે પરિવારનાં નિવાસ સ્થાન 'માતોશ્રી'માં શિવસેના ધારાસભ્યોની ઉદ્ધવ ઠાકરે સાથે મહત્વની બેઠક થઈ. એ આજે પોતાના પાર્ટી ધારાસભ્યોની સાથે બેઠક કરી. શિવસેનાને ધારાસભ્યો તૂટવાનો ડર સતાવી રહ્યો છે. શિવસેના ધારાસભ્યો સાથે બેઠક બાદ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે, અમે કંઈ વધારે નથી માંગ્યું. જે પહેલા નક્કી થયું હતુ, અમારે એ જ જોઈએ. બીજેપી નેતાઓ સાથે

● અનુસંધાન પાન-૭ પર

## હું દિલ્હીમાં જ રહેવાનો છું : નીતિન ગડકરી

**મહારાષ્ટ્રમાં ફડનવીસના નેતૃત્વ હેઠળ બનવી જોઈએ સરકાર**



મુંબઈ,તા.૭

મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણીના પરિણામો બાદ સરકાર હજી બની નથી. ગઠબંધન કરીને ચૂંટણી લડનારા શિવસેના અને ભાજપ વચ્ચે રોજે રોજ નવો ડ્રામા લોકોને જોવા મળી રહ્યો છે. હવે મહારાષ્ટ્રના દિગ્ગજ નેતા અને મોદી સરકારના મંત્રી નીતિન ગડકરીએ આ મુદ્દે પહેલી વખત ટિપ્પણી કરી છે. તેમણે શિવસેના સાથે સમાધાન થશે તેવી આશા વ્યક્ત કરીને કહ્યુ હતુ કે, બંને પક્ષોને બહુમતી મળી છે અને સરકાર બંને પક્ષોની જ હશે.

પોતે સીએમ બનવા જઈ રહ્યા હોવાની અટકળોને ફગાવી દેતા ગડકરીએ કહ્યુ હતુ કે, હું દિલ્હીમાં જ છું અને મહારાષ્ટ્ર આવવાનો સવાલ ઉઠતો નથી. સરકાર બનાવવા માટે શિવસેના સાથે વાતચીત ચાલી રહી છે. જ્યાં સુધી ભાજપની વાત છે ત્યાં સુધી અમારા નેતા તરીકે દેવેન્દ્ર ફડનવીસની પસંદગી થઈ છે અને તેમના નેતૃત્વમાં સરકાર બનવી જોઈએ. ભાજપને ૧૦૫ બેઠકો મળી છે.

## ભારતને સોંપાશે તો હું આત્મહત્યા કરીશ : નીરવ મોદી

**કોર્ટે નીરવ મોદીની દલીલોને ધ્યાનમાં ન લીધી : તેને જેલમાં ત્રણ વખત માર મારવામાં આવ્યો છે : નીરવ મોદી**

લંડન,તા. ૭

ફરાર હીરા કારોબારી નીરવ મોદીની જામીન અરજી ગઈકાલે કોર્ટે ફગાવી દીધી હતી. જામીન અરજી પર સુનાવણી વેળા નીરવ મોદીએ દલીલો કરી હતી કે જો તેને પ્રત્યાર્પણ કરીને ભારતને સોંપવામાં આવશે તો તે આત્મહત્યા કરી લેશે. સાથે સાથે નીરવ મોદીએ એવી દલીલો પણ કરી હતી કે તેને જેલમાં ત્રણ વખત માર મારવામાં આવ્યો છે. જો કે તેની દલીલોની કોર્ટ પર કોઈ અસર થઈ ન હતી. ૪૯ વર્ષીય નીરવ મોદી વેસ્ટ મિંસ્ટર મેજિસ્ટ્રેટની કોર્ટમાં પોતાના વકીલ હુગો કીથ સાથે આવ્યો હતો. નીરવ મોદી પીએનબી કોંભાડમાં ફસાયેલો છે. પીએનબી સાથે જંગી છેતરપિંડી કરીને નિરવ મોદી ફરાર થઈ ગયો હતો. પીએનબી છેતરપિંડી અને મની લોન્ડરિંગના મામલામાં નિરવ મોદી સામે ઉંડી તપાસ ચાલી રહી છે. ૧૯મી માર્ચના દિવસે ધરપકડ કરવામાં આવ્યા બાદથી નિરવ મોદી દક્ષિણ પશ્ચિમ લંડનમાં આવેલી વેન્ડ્સવર્થ જેલમાં છે જે ઈંગ્લેન્ડની સૌથી ભરચક રહેતી જેલો પૈકીની એક છે. અત્રે નોંધનીય છે કે, નિરવ મોદી સામે છેલ્લા ઘણા સમયથી ઉંડી તપાસ ચાલી રહી છે. બ્રિટનની ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસ માટેના પ્રવક્તાએ કહ્યું છે કે, જ્યાં સુધી સુનાવણી પરિપૂર્ણ

● અનુસંધાન પાન-૭ પર

## ધુમ્મસથી ટ્રેન એક કલાક મોડી થશે તો યાત્રીને એસએમએસ દ્વારા જાણ

**રેલવે અધિકારીઓ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય કરાયો : ધુમ્મસથી ટ્રેન લેટ થવાના દોરને રોકવા માટે પ્રયાસ થશે**

નવીદિલ્હી, તા. ૭

ઠંડીના દિવસોમાં ધુમ્મસના કારણે ટ્રેનો લેટ પડવાની બાબત સામાન્ય રહે છે પરંતુ હવે જો ટ્રેનો ધુમ્મસ અથવા અન્ય કારણસર એક કલાક મોડી પડશે તો આની માહિતી એસએમએસ મારફતે આપને આપવામાં આવશે. બુધવારના દિવસે રેલવે અધિકારીઓ દ્વારા આ અંગેની માહિતી આપવામાં આવી હતી. અધિકારીઓએ કહ્યું છે કે, સ્ટેશન પર યાત્રીઓને ઈંતજાર કરવાની ફરજ ન પડે આના માટે એસએમએસ મારફતે ટ્રેનના લોકેશન સંદર્ભમાં માહિતી આપવામાં આવશે. કેટલીવારમાં ચોક્કસ સ્ટેશન પર ટ્રેન પહોંચશે તે અંગે માહિતી આપવામાં આવશે. આ વ્યવસ્થા બાદ યાત્રીઓને સ્ટેશન પર આવીને વધારે સમય સુધી ઈંતજાર કરવાની જરૂર પડશે નહીં. ધુમ્મસની સિઝનને લઈને પોતાની તૈયારીના સંદર્ભમાં ઉત્તર રેલવે દ્વારા સૂચના આપી દેવામાં આવી છે. આની સાથે સાથે રેલવે તરફથી જારી કરવામાં આવેલી માહિતીમાં જણાવવામાં આવ્યું છે કે, ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ધુમ્મસના પરિણામ સ્વરુપે ક્યાંથી ટ્રેનો લેટ થવાની સંખ્યામાં ઘટાડો થયો છે. ગયા વર્ષની સરખામણીમાં ધુમ્મસના પરિણામ સ્વરુપે ક્યાંથી ટ્રેનો લેટ થવાની સંખ્યામાં ૧૫ ટકા સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે. ૭૧ ટકાથી વધુ ટ્રેનો નિર્ધારિત સમય પર દોડતી થઈ છે. રેલવે અધિકારીઓનું કહેવું છે કે, ઠંડીની સિઝનમાં રેલવેની મુખ્ય પ્રાથમિકતા સુરક્ષાની રહેલી છે. ઉત્તર રેલવેના જનરલ મેનેજર ટીપી સિંહે કહ્યું છે કે, રેલવે સમયની સાથે ટ્રેનોના સંચાલન અને સુરક્ષાને ધ્યાનમાં લઈને કામ કરી રહી છે. ટ્રેનો સમયસર ચાલે તે રીતે સ્થિતિમાં સુધારો થઈ રહ્યો છે પરંતુ ઉત્તર ભારતના કેટલાક હિસ્સામાં અત્યારથી ધુમ્મસની સ્થિતિ જોવા મળી રહી છે. સુરક્ષા માટે વધારાની વ્યવસ્થા કરવાની જરૂર છે. રેલવે તરફથી ધુમ્મસની સ્થિતિને પહોંચી વળવા માટે નક્કર વ્યવસ્થાની માહિતી આપતા ઉત્તર રેલવેના જનરલ મેનેજર ટીપી સિંહે કહ્યું છે કે, રેલવે સમયની સાથે ટ્રેનોના સંચાલન અને સુરક્ષાને ધ્યાનમાં લઈને કામ કરી રહી છે. ટ્રેનોના સમયથી સંચાલનમાં ખુબ સુધારો થયો છે. આ અમારા માટે ખુબ સારી બાબત છે. સાથે સાથે ફોગ સિઝનમાં સુરક્ષા ઉપર ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

## કાશ્મીર-હિમાચલમાં ભારે હિમવર્ષા

**બરફ વર્ષાથી ઠંડી વધી : હિમાચલમાં હિમવર્ષાથી પ્રવાસીઓમાં ખુશી : જમ્મુ કાશ્મીરમાં હિમવર્ષા વચ્ચે એલઓસી નજીક ભેખડ ધસી પડતા બે જવાનના કરૂણ મોત : ખીણનો સંપર્ક તુટ્યો**



શ્રીનગર-શિમલા, તા. ૭

જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં સિઝનની પ્રથમ હિમ વર્ષા થતાં પ્રવાસીઓમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. મોટી સંખ્યામાં પ્રવાસીઓ હિમ વર્ષાની મજા માણવા માટે પહોંચી ચુક્યા છે. આની સાથે જ તીવ્ર ઠંડીની શરૂઆત પણ થઈ ચુકી છે. કાશ્મીરના ગુલમર્ગથી લઈને હિમાચલ પ્રદેશના કુલ્લુ સુધી બરફની ચાદર છવાઈ ગઈ છે. પહાડીઓ ઉપર પડી રહેલા બરફના લીધે ઉત્તર ભારતના મેદાની ભાગોમાં તાપમાનમાં ઘટાડો થઈ રહ્યો છે અને ઠંડીની એન્ટ્રી થઈ ગઈ છે. કાશ્મીરના ગુલમર્ગ અને સોનબર્ગની પહાડીઓમાં હિમવર્ષા થઈ રહી છે જ્યારે મેદાની ભાગોમાં વરસાદ થયો છે જેના લીધે તાપમાનમાં ૧૦ ડિગ્રી સુધીનો ઘટાડો થયો છે. ગુલમર્ગ અને સોનબર્ગમાં બુધવારે મોડી રાત્રે હિમવર્ષાની શરૂઆત થયા બાદ આજે ગુરુવારના દિવસે શહેર અને મેદાની ભાગોમાં હિમવર્ષા જારી રહી હતી. હિમવર્ષાના લીધે પ્રવાસીઓમાં ખુશીનું મોજુ ફરી વળ્યું છે. મેદાની વિસ્તારોમાં વરસાદ થતાં દિવસના તાપમાનમાં ઘટાડો થયો છે. હવામાન વિભાગના અધિકારીઓના કહેવા મુજબ મંગળવારના દિવસે મહત્તમ તાપમાન ૧૮.૬ ડિગ્રી રહ્યા બાદ ગઈકાલે સાંજે તાપમાન ઘટીને ૫.૬ ડિગ્રી થઈ ગયું હતું.

● અનુસંધાન પાન-૭ પર

R K VACATIONS PVT. LTD.
ગોવા 3N- 4D ₹13999
થાઈલેન્ડ 5N- 6D ₹27999
દુબઈ 5N- 6D ₹59999
સિંગાપોર મલેશિયા થાઈલેન્ડ 7N- 8D ₹74999
એર ટીકીટ,હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, સાઈટ સીઈંગ
+91 79 61 61 35 35
+91 79 40 40 35 35

## ન્યુઝ ટ્રેક

### મોદી કાર્યકરો સાથે દિવાળી મનાવશે

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોને પોતાની સાથે દિવાળી મનાવવા આમંત્રણ આપ્યું છે. મોદી પોતાના નિવાસસ્થાને કાર્યકર્તાઓ સાથે નવમી નવેમ્બરે દિવાળી મનાવશે.

### ફીક્સીંગ મામલે બે ક્રિકેટરોની ધરપકડ

ક્રિકેટની રમતમાં અવારનવાર મેચ ફિક્સીંગના મામલાઓ સામે આવે છે. તાજેતરમાં કર્ણાટક પ્રમિયિર લીગના ક્રિકેટરો પર મેચ ફિક્સીંગનો આરોપ લાગ્યો છે. બેલ્લારી ટીમના કેપ્ટન સીએમ ગૌતમ અને બહરાર કાઝીની પોલીસે મેચ ફિક્સીંગ મામલે ધરપકડ કરી છે.

## કરતારપુર કોરિડોર માટે પાસપોર્ટ ફરજિયાત : પાકિસ્તાન

**અગાઉ પાક.વડાપ્રધાને પાસપોર્ટમાંથી મુક્તિ આપી હતી : કાલે ઇમરાન ખાન કરતારપુર કોરિડોરનું ઉદ્‌ઘાટન કરશે**

ઈસ્લામાબાદ,તા.૭

ભારતના શીખ શ્રદ્ધાળુઓને કરતારપુર આવવા માટે પાસપોર્ટની જરૂર પડશે. મીડિયાના મતે પાકિસ્તાન સેનાના પ્રવક્તા જનરલ આસિફ ગફૂરે ગુરુવારે કહ્યું હતું કે સુરક્ષાને લઈ કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં. શ્રદ્ધાળુઓએ પાકિસ્તાનમાં પ્રવેશ કરવા માટે પાસપોર્ટ બતાવવો ફરજિયાત છે.

પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાન ખાને ૧લી નવેમ્બરના રોજ કહ્યું હતું કે કરતારપુર આવનાર શ્રદ્ધાળુઓએ પાસપોર્ટની જરૂર પડશે નહીં. બસ એક માન્યતા પ્રાપ્ત ઓળખ કાર્ડ સાથે લાવવું જરૂરી રહેશે. ત્યારબાદ ભારતે બુધવારે પાકિસ્તાન સમક્ષ પાસપોર્ટ અંગેની સ્થિતિ સ્પષ્ટ કરવા કહ્યું હતું. આ અંગે હવે પાકિસ્તાન સેના તરફથી નિવેદન આવ્યું છે. ઈમરાન ખાન શનિવારે કરતારપુર કોરિડોરનું ઉદઘાટન કરશે. ઈમરાને અહીં પણ કહ્યું હતુ કે શ્રદ્ધાળુઓને ૧૦ દિવસ અગાઉ કોઈ જ રજિસ્ટ્રેશન કરાવવાની જરૂર પડશે નહીં અને ગુરુ નાનક દેવ જયંતીના દિવસે ૧૨મી નવેમ્બરના રોજ શ્રદ્ધાળુઓ પાસેથી કોઈ જ ફી વસૂલ કરવામાં આવશે નહીં. અન્ય સામાન્ય દિવસોમાં ૨૦ ડોલર (આશરે રૂપિયા ૧૪૦૦) વસુલ કરવામાં આવશે.

ખુબ વધે નામના તમારી
એવી અભ્યર્થના અમારી

શ્રી નરેશભાઈ દવે
પ્રમુખ, ગાંધીનગર જિલ્લા મંડપ એસોસીએશન
ગાંધીનગર જિલ્લા મંડપ એસોસીએશનના પ્રમુખ તરીકે બિનહરીફ વરણી થવા બદલ શ્રી નરેશભાઈ દવે તથા તેમની ટીમને હાર્દિક શુભેચ્છા....
-----● શુભેચ્છક ●-----
નિશિતભાઈ વ્યાસ | મુંજાલ રાવલ
કનૈયાલાલ પંડ્યા | રાજેશ પંચોલી
અશ્વિન ત્રિવેદી | પંકજ શુક્લ
જયેશ પંચોલી | ભરત પંડ્યા

નૂતન વર્ષાભિનંદન
અમારા સૌ ગ્રાહકોને
આભાર ભીના વંદન
દિપાવલીના તહેવારોમાં ડ્રાયફ્રુટ / ડ્રાયફ્રુટ બોક્ષના અમારા સાહસમાં અમને ઉત્તમ સહકાર આપનાર સૌ નાગરિકો / બેન્કો / કંપનીઓનો અમે આભાર માનીએ છીએ. ભવિષ્યમાં આપના આવા જ સહકારની અપેક્ષા સહ
અરિહંત ડ્રાયફ્રુટ
C/o રૂષભ એન્ટરપ્રાઈઝ
સેક્ટર-૩૦ ચાર રસ્તા પાસે, ગાંધીનગર.
મો. ૯૩૭૭૭ ૨૩૧૬૪ (હેમાંગ ગાંધી) ● ૯૯૨૪૧ ૨૩૧૬૪ (આર.ડી. ગાંધી)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225